અરજી નં.૩૫૭,૩૬૬,૩૬૭,૩૬૯ તા.૨૪–૨–૦૯

અરજદાર: શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા: શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની અપીલ નં.૩૫૭ તા.૨૭–૧–૦૯ ની અરજીથી વોર્ડ નં.૫ /૩૬૩૧ ની બાજુમાં ચાલતાં ,અપીલ નં.૩૬૬ તા.૯–૨–૦૯ ની અરજીથી ખપાટીયા ચકલા ચાર રસ્તા પાસે વોર્ડ નં.૧૦ માં ચાલતા, અપીલ નં.૩૬૭ તા.૯–૨–૦૯ ની અરજીથી બડેખા ચકલા હજરત ખ્વાજા દાના દરગાહની સામે કાજીનું મેદાન વોર્ડ નં.૧/૩૧૭૧ ની બાજુમાં, અપીલ નં.૩૬૯ તા.૨–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૫/૨૫૬૮ની બાજુમાં ચાલતાં નવાં બાંધકામ બાબતે બાંધકામનો સર્વે નંબર, બાંધકામનો પ્લાન કયારે પાસ થયું અને કયા અધિકારીએ પાસ કર્યુ બિલ્ટઅપ એરીયા કેટલું? ગેરકાયદેસર બાંધકામ કેટલું? પાર્કીગ અને એલાઈમેન્ટની જગ્યા છોડી છે ખરી અને કેટલી? તથા માર્જીન પ્લાનની વિગત તથા આર્કીટેક બાબતે માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૫૭,૩૬૬,૩૬૭,૩૬૯/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની અપીલ નં.૩૫૭ તા.૨૭–૧–૦૯ ની અરજીથી વોર્ડ નં.૫ /૩૬૩૧ ની બાજુમાં ચાલતાં અપીલ નં.૩૬૬ તા.૯–૨–૦૯ ની અરજીથી ખપાટીયા ચકલા ચાર રસ્તા પાસે વોર્ડ નં.૧૦ માં ચાલતા, અપીલ નં.૩૬૭ તા.૯–૨–૦૯ ની અરજીથી બડેખા ચકલા હજરત ખ્વાજા દાના દરગાહની સામે કાજીનું મેદાન વોર્ડ નં.૧/૩૧૭૧ ની બાજુમાં, અપીલ નં.૩૬૯ તા.૨–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૫/૨૫૬૮ની બાજુમાં ચાલતાં નવાં બાંધકામ બાબતે બાંધકામનો સર્વે નંબર, બાંધકામનો પ્લાન કયારે પાસ થયું અને કયા અધિકારીએ પાસ કર્યુ બિલ્ટઅપ એરીયા કેટલું? ગેરકાયદેસર બાંધકામ કેટલું? પાર્કીગ અને એલાઈમેન્ટની જગ્યા છોડી છે ખરી અને કેટલી? તથા માર્જીન પ્લાનની વિગત તથા આર્કીટેક બાબતે માંગેલ માહિતી બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનના અનુક્રમે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૪૨૫ તા.૧૯–૨–૦૯, ૧૪૫૮,૧૪૫૯, તા.૨૪–૨–૦૯ થી તથા ૧ ૪૨૮ તા.૧૯–૨–૦૯ થી આપેલ માહિતી ગોળ ગોળ ખોટી તેમજ ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારની ચારેય અલગ અરજી અને અપીલ હેઠળ બાજુની કે સામેની મિલ્કતની માહિતી માંગેલ છે. તથા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઈન્કાર માટે સરખું કારણ જણાવેલ હોય અપીલ તબકકે ચારેય અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અનુક્રમે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૮૫, ૧૧૮૦, ૧૧૭૯, ૧૧૭૦ તા.૭–૩–૦૯ ના રોજ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અનુક્રમે સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૧૫, તા.૨૧–૩–૦૯,૧ ૬૫૮ અને ૧૬૫૭ તા.૨૭–૩–૦૯ તથા ૧૬૧૪ તા.૨૫–૩–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ નંબરની સ્પષ્ટ વિગત દર્શાવેલ ન હોય નોંધ નંબર દર્શાવ્યેથી તથા ચોકકસ મિલ્કત નંબર દર્શાવ્યેથી માંગ્યા મુજબની માહિતી પુરી પાડી શકાશે તેવું જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જણાવવામાં આવે છે. જયારે તા.૨૭–૧ –૦૯ ની અરજી અંગે નોંધ નં.૩૬૩૧ થી કોઈ મિલ્કત રેકર્ડ પર નોંધાયેલ નહીં હોવાનું જણાવેલ છે પરંતુ અરજદારે તેની બાજુની મિલ્કતની માહિતી માંગેલ છે.

અરજદારની તા.૨૭–૧–૦૯, ૯–૨–૦૯ ની બે અરજી તથા તા.૨–૨–૦૯ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ નથી અને અરજદારને નોંધ નંબરની સ્પષ્ટ વિગત તથા ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેવો પ્રત્યુત્તર પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૨૫ તા.૧૯–૨–૦૯, ૧૪૫૮,૧૪૫૯, તા.૨૪–૨–૦૯ થી તથા ૧૪૨૮ તા.૧૯–૨–૦૯ થી પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે " જે સ્થળની અને નોંધની માહિતી માંગેલ જેની બાજુમાં નોંધ નંબર, વોર્ડ નંબર, સ્થળ ચોખ્ખું લખીને આપ્યા છતાં ખોટા અને ગેરમાર્ગે દોરનાર ગોળ ગોળ જવાબ આપવામાં આવ્યા છે" તેવી રજુઆત કરેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૪(સી) અને (ડી) લોકોને અસરકર્તા નિર્ણયો જાહેર કરતી વખતે જાહેર સત્તા મંડળે સબંધિત તમામ હકીકતો પ્રસિધ્ધ કરવાની રહે છે. વહીવટી તથા અર્ધ અદાલતી નિર્ણયો માટે કારણો આપવા જોઈશે. તેવી જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજી કે અપીલના તબકકે તેના અમલી કરણની કોઈ વિગતો પુરી પાડેલ નથી કે માહિતીના ઈન્કાર માટે કલમ ૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી. વધુમાં દેખરેખ અને નિયંત્રણ સત્તાની કક્ષાએ તેવી બાબતોની દફતર નિભાવણી કરવાની રહે છે. કાયદાની કલમ–૨૫ હેઠળ તેનું હાર્દ અને જોગવાઈના અમલીકરણ પરત્વે પણ ભાર મુકાયેલ છે. તે ધ્યાને લેતાં ઉપલબ્ધ દફતર પરથી માંગેલ માહિતી આપી શકાય.

**હુકમ**

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧–૦૯, ૯–૨–૦૯ ની બે અરજી તથા તા.૨–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. અને અરજદારને નોંધ નંબરની સ્પષ્ટ વિગત અને ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માહિતી પુરી પાડવામાં આવશે તેવું જણાવવામાં આવેલ છે. જે બાબતે કલમ–૪(૧) (સી) અને (ડી) ની જોગવાઈને અનુસરી નિર્દિષ્ટ વિસ્તારના બાંધકામ મંજુરી તથા નિયંત્રણને લગતાં દફતર નિભાવણીની વિગતો પરથી જરૂર જણાયે અરજદારને ઈન્સ્પેકશન પુરૂં પાડી અરજદારની મુળ અરજીઓના પરિપ્રેક્ષ્યમાં અત્રેની જાણ હેઠળ કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં માહિતી પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

**પ્રતિ**
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,